**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 01-07-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

# રાજ્યના ડેમ જળાશયમાં નવા નીરની આવક

રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાનો પ્રારંભ થયો છે. ઉપરવાસમાં વરસાદ થવાથી ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં અત્યાર સુધીમાં કુલ સંગ્રહ શકિતના ૫૧.૫૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકામાં આવેલું વંસલ જળાશય ૧૦૦ ટકા છલકાતાં હાઈએલર્ટ તેમજ ધોળી ધજા ડેમ ૮૮ ટકાથી વધુ ભરાતાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેમ,જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે  પ્રાપ્ત થતા અહેવાલ મુજબ રાજ્યના કુલ ૨૦૬માંથી એક જળાશય સંપૂર્ણ છાલકાયુ છે. જયારે ચાર જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા,૧૧ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૩૩ જળાશયો ૨૫ થી ૫૦ ટકા સુધી ભરાયા છે એટલે કે રાજ્યના જળાશયોમાં કુલ સંગ્રહ શકિતના ૨૯.૬૦ ટકા પાણી સંગ્રહ થયું છે.

વધુમાં,ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૨૫.૨૧ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશય ૪૨ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૨ ટકા, કચ્છના ૨૦માં ૨૧ ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૧૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

પરેશ મારૂ

---------------------------------------------------------------------

## મુખ્યમંત્રી કાર્યાલય-ISO સર્ટિફિકેશન

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારૂ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતાં ISO સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.

અત્રે જણાવીએ કે, વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે રાજ્યની વહીવટી કાર્યસંસ્કૃતિમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા સાથે ગુણવત્તા અને કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી કાર્યાલયને ૨૦૦૯માં ISO બેન્ચમાર્કની ક્વોલિટી ઉપર મૂક્યું હતું.

રાજ્ય શાસનના સર્વોચ્ચ કેન્દ્ર એવા મુખ્યમંત્રી કાર્યાલયને જાહેર સેવાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સાતત્યપૂર્ણ સુધારાઓ સાથેના સમયબદ્ધ કાર્ય આયોજન માટે આ ISO સર્ટિફિકેશન પ્રથમવાર ૨૦૦૯ ના વર્ષમાં એનાયત થયું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## NTA-NEET નું સુધારેલું પરિણામ જાહેર

નેશનલ ટેસ્ટિંગ એજન્સી – NTA એ આજે રિ-ટેસ્ટ પછી 1 હજાર 563 ઉમેદવારો અને NEET -UG પરીક્ષાના તમામ ઉમેદવારોના રેન્કનું સુધારેલું પરિણામ જાહેર કર્યું છે.

NTA એ એક યાદીમાં જણાવ્યું હતું કે તમામ ઉમેદવારોના સુધારેલા સ્કોર કાર્ડ તેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. ઉમેદવારો વેબસાઇટ પર લૉગિન કરી શકે છે અને તેમના સંબંધિત સુધારેલા સ્કોર કાર્ડ્સ એક્સેસ કરી શકે છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## પ્રાકૃતિક ખેતી માટે કલ્યાણકારી યોજનાઓ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરાય તેવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજયમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અનેક કલ્યાણકારી યોજનાઓ પણ અમલમાં

મુકવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન અને વિકાસ માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવાની વિવિધ યોજનાઓ સહીત કુલ રૂ. ૧૬૮ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને દેશી ગાયના નિભાવ ખર્ચ માટેની સહાય અન્વયે રૂ. ૧૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે વધુમાં વધુ ખેડૂતો આ ખેતી તરફ વળે તે સમયની માંગ છે.

માહિતી ખાતુ

---

## ડોક્ટર્સ-ડેની શુભેચ્છા

દેશભરમાં આજે 'વિંગ્સ એન્ડ સ્ટેથોસ્કોપ્સઃ હીલર્સ ઓફ હોપ' વિષયવસ્તુ સાથે રાષ્ટ્રીય તબીબ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાજિક માધ્યમથી તબીબોને રાષ્ટ્રીય તબીબ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

RNU અમદાવાદ

---

## જિલ્લામાં વરસાદ

જિલ્લામાં આગામી શનિવાર સુધી હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે દિવસ દરમિયાન જિલ્લાના કેટલાક વિસ્તારોમાં થયેલા વરસાદ અંગેની જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલી માહિતી અનુસાર આજે સાંજે ચાર વાગ્યા સુધી સૌથી વધુ મુન્દ્રા અને તાલુકામાં 36 મી.મી., માંડવી તાલુકામાં 31 મી.મી., અબડાસામાં 30 મી.મી. અને ગાંધીધામમાં 23 મી.મી. વરસાદ નોંધાયો છે. આજે સવારે બંદરીય શહેર મુન્દ્રા ખાતે એક કલાકમાં વધુ અઢી ઇંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે ત્યારે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં જળ ભરાવથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, શાંતિપૂર્ણ રીતે વરસી રહેલા વરસાદના પગલે ખેડૂતોમાં ખૂશીની લહેર જોવા મળી રહી છે. દરમિયાન હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે એનડીઆરએફની ટીમને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. 30 જેટલા રેસ્ક્યૂઅરની ટીમ જિલ્લા મથક ભુજ ખાતે આવી પહોંચી છે.

કંટ્રોલ રૂમ/**N.P.** કલ્પના શાહ

---

## કામકાજ સ્થળે જાતિય સતામણી અધિનિયમ અંગે જાગૃતિ શિબિર

આહીર કન્યા વિદ્યાલય ભુજોડી ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીનીકચેરી દ્વારા "કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ – ૨૦૧૩" અંગે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી દ્વારા "કામકાજના સ્થળેજાતીય સતામણી અધિનિયમ – ૨૦૧૩" હેઠળ કાયદો શું છે, કાયદા હેઠળ શું સજા થાય તે અંગે વિસ્તૃતમાં માહિતીઆપવામાં આવી હતી તથા સોશિયલ મીડિયાના હકારાત્મક ઉપયોગ બાબતે સમજણ આપવામાં આવી હતી.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------